Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Firchand ... 7 Gangaw 10-10-92

# श्री जैनधर्मप्रकाश.

## JAINA DHARMA PRAKASHA.

પુસ્તક ૮ મું. આશ્વિન સુદ ૧૫ સંવત ૧૯૪૮ અંક. ૭મો.

शार्दूलविक्रीडित.

कृत्वार्हत्पदपूजनं यतिजनं नत्वा विदित्वागमं ।
हित्वा संगमधर्मकर्मठधियां पात्रेषु दत्वा धनं ॥
गत्वा पद्धतिमुत्तमक्रमजुषां जित्वांतरारिव्रजं ।
स्मृत्वा पंचनमस्क्रियां कुरु करक्रोडस्थमिष्टंसुखं ॥१॥

प्रगटकर्त्ता.

श्री जैनधर्मप्रसारक सभा.

ભાવનગર.

अमदावादमां—"એંગ્લો વર્નાક્યુલર પ્રીન્ટીંગ પ્રેસમાં"
નથુભાઈ રતનચંદ મારફતીયાએ છાપી પ્રસિદ્ધ કર્યું
શક ૧૮૧૪. સન ૧૮૯૨

મૂલ્ય વર્ષ ૧ નો ૩૧ ) અગાઉથી પોસ્ટેજ રૂ૦-૩-૦ જુદું
છુટક અંક એકના રૂ૦-૨-૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## अनुक्रमणिका.


| વિષય. | પૃષ્ટ. |
|---|---|
| ૧ ઉપદેશ ( કવિતા ) | ૯૭ |
| ૨ સંબોધસત્તરી | ૯૮ |
| ૩ માયા ( મલ્લીનાથજી ચરિત્ર ) | ૧૦૪ |
| ૪ જૈન કોનગ્રેસ ભરાવાની જરૂર | ૧૦૭ |
| ૫ વર્ત્તમાન સમાચાર | ૧૧૧ |


### ચોપાનીયું રખડતું મુકી આશાતના કરવી નહિ.


સર્વે જૈનબંધુઓએ અવશ્ય ખરીદ કરવા લાયક.

## ચરિતાવળી.

અથવા.

## જૈનકથા સંગ્રહ.

જેની અંદર સંસ્કૃત કથાત્મક ગ્રંથોમાંથી ચુંટી ચુંટીને રસિક અને બોધ દાયક પંદર કથાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેઓએ એ ચોપડી વાંચી છે તેઓએ તેની સારી પ્રશંસા કરી છે. કથાઓ રસીક હોવાથી વાંચતાં આનંદ થાય છે અને તે સાથે અંદર પ્રસંગે પ્રસંગે બોધ દાયક વિવેચનો આવવાથી બોધ પણ મળે છે. પૃષ્ટ આશરે ( ૩૫૦ ) છે. પુસ્તકના અને મહેનતના પ્રમાણમાં કિંમત ઘણી જુજ છે. સોનેરી અક્ષરના નામવાળીના રૂ ૧-૬-૦ અને સાદીના રૂ ૧-૪-૦ પોસ્ટ ખર્ચ ૦-૨-૦ વધારે. જોઈએ તેણે અમારી પાસેથી મંગાવી લેવી.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्मप्रकाश.

## JAINA DHARMA PRAKASHA.

દોહરો.

જિનમતરસ રસનાથકી, પાનકરો પ્રતિમાસ;
રસિકજનો રસમગ્ન થૈ, વાંચી જૈનપ્રકાશ.

પુસ્તક ૮ મું. શક ૧૮૧૪ આશ્વિન શુદિ ૧૫ સંવત ૧૯૪૮ અંક ૭મો.

## उपदेश.

(સુણો દીલ્લી તખત ધરનાર એ રાહ.)

જો જો આરે જગતના ખ્યાલ, મુરખ શું તું મોહી રહ્યોરે.
ધારી પ્યારી પણ તારી નથી નાર. મુરખ શું તું મોહી રહ્યોરે.
બંધું બેન પીતા પરીવાર, મુરખ૦
સહુ સ્વારથીઓ સંસાર. મુરખ૦
મારૂં મારૂં કરે છે તું ગમાર. મુરખ૦
તેમાં તારૂં નથી તલભાર. મુરખ૦
મળ્યો મનુષ્ય જન્મ મુસ્કેલ, મુરખ૦
કેમ ખોવે છે ખેલીને ખાલી ખેલ, મુરખ૦
છળ કપટ પ્રપંચ પડયા મેળ. મુરખ૦
ફંદી ફીતુરી તજી દે સહુ ફેલ. મુરખ૦
ઠાલી ઠોકરો ખાયે છે શઠ ઠેઠ, મુરખ૦
તોય વ્હાલી લાગે બેલને વેઠ. મુરખ૦
મૂઢ મુકી દે મમત્વ માથાકુટ, મુરખ૦
વિકરાળ કાળ જાળમાંથી છુટ. મુરખ૦
એક જૈનધરમ જગ સાર. મુરખ૦
સેવ ઝવેર પામીશ ભવપાર. મુરખ૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# संबोधसत्तरी.

( અનુસંધાન પાને ૯૬ થી. )

કોઈ એક ગ્રામને વિષે બે મુનિ ગુરૂ અને શિષ્ય ચતુર્માસ રહ્યા હતા. એક દિવસ પારણાને અર્થે બે જણા ગોચરીએ ગયા, ત્યાં વર્ષાઋતુને લીધે ઘણા જીવોની ઉત્પત્તિ થયે છતે માર્ગમાં ગુરૂના પગ નીચે એક સુક્ષ્મ ડેડકી આવી તે ચંપાઈને મરણ પામી. શિષ્યે કહ્યું કે મહારાજ તમારા પગ નીચે ડેડકી આવી ગઈ. તે સાંભળી ગુરૂને રીસ ચડી અને તત્કાળ ક્રોધને પરવશ થઈ જઇ, વ્રતભંગના ભયને દૂર કરીને બોલ્યા કે અરે એ ડેડકી તો પ્રથમથી મૃત્યુ પામેલી હતી. મેં કાંઈ મારી નથી. ચેલાએ બહુ રીતે સમજાવ્યા પરંતુ ગુરૂએ માન્યું નહીં. ચેલે વિચાર્યું કે અત્યારે ના પાડે છે પરંતુ પ્રતિક્રમણ કરતાં આલોયણા લેશે. સાયંકાળ થયો અને પ્રતિક્રમણ કરવા બેઠા એટલે ગુરૂએ સર્વ પ્રકારની બીજી આલોયણ લીધી પરંતુ ડેડકી સંબંધી પાપ આળોયું નહીં એટલે વળી ચેલાએ સંભારી આપ્યું કે મહારાજ ! ડેડકી સંબંધી પાપ આળોયો. આ વચન સાંભળતાંજ ગુરૂને અત્યંત રીસ ચડી અને હાથમાં ઓઘાની ડાંડી લઈને શિષ્યને મારવા દોડયા. રાત્રિ અંધારી હતી એટલે શિષ્ય તો પોતાને સ્થાનકેથી ખસી ગયો. પરંતુ ગુરૂ એની પાછળ દોડતાં વચ્ચમાં એક સ્થંભ હતો તેની સાથે જોરથી અથડાયા એટલે મસ્તક ફુટયું અને ત્યાંથી કાળ કરી જ્યોતીષીમાં દેવપણે ઉત્પન્ન થયા. માત્ર એક સહજની બાબતમાં ક્રોધ કરવા થકી ચારિત્રના મહા મોટા ફળને હારી જઈને અજ્ઞાનકષ્ટ કરનારા પણ જ્યાં ઉત્પન્ન થાય છે ત્યાં ઉત્પન્ન થયા. ક્રોધના ફળ આવાં માઠાં છે.

હજુ ક્રોધના ફળની કાંઈ સમાપ્તિ થઇ નહોતી એટલે જ્યોતીષીમાંથી આવીને ચંડકૌશી નામે તાપસ થયો. તેને પાંચશેં શિષ્ય થયા પરંતુ પોતે ઘણોજ ક્રોધી હતો. એટલે એક દિવસ કોઈ રાજપુત્રોને પોતાની વાડીમાંથી ફુલ લેતાં દેખીને ક્રોધે ધમધમ્યો થકો તેને મારવા નિમિત્તે હાથમાં ફરસી લઈને દોડયો. માર્ગમાં અંધકુપ આવ્યો તેની ક્રોધાંધપણાથી ખબર ન રહી એટલે તેમાં પડીને પોતાનીજ ફરસીવડે મરણ પામ્યો. ત્યાંથી હજુ ક્રોધનો ઉદય બાકી રહેવાથી તેજ આશ્રમમાં ચંડકોશિયા નામે દૃષ્ટિવિષ સર્પ થયો.

દૃષ્ટિવિષ સર્પોના નેત્રમાં ઝેર અત્યંત હોય છે એટલે સૂર્ય સન્મુખ જોઈને જેના સામી દૃષ્ટિ નાખે તે બળીને ભસ્મ થઇ જાય એ પ્રમાણે ધ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ણા તાપસોને બાળ્યા, બાકીના નાશી ગયા. લોકોને પણ ખબર પડવાથી એ માર્ગ છોડી દઇ બીજે રસ્તે ચાલવા લાગ્યા. **શ્રીવીરભગવંત** દિક્ષા ગ્રહણ કર્યા પછી બીજે વર્ષે એ તરફ આવ્યા. લોકોએ બહુ પ્રકારે નિવાર્યા છતાં પણ તેને ઉપદેશ આપવાના હેતુથી ભગવંત એ સર્પવાળે માર્ગેજ ચાલ્યા અને તેના બીલની ઉપરજ કાઉસગ્ગ ધ્યાને રહ્યા. ચંડકૌશીયે આવીને ઘણી તીવ્ર દ્દષ્ટિઓ નાખી પણ ભગવંતને તેની કાંઇ અસર થયેલી જણાણી નહીં એટલે અત્યંત ક્રોધ કરીને ભગવંતના ચરણની ઉપર જોરથી ડંખ દીધો. ભગવંતના પગમાંથી દુધ સરખું ઉજ્વળ રૂધીર નીકળ્યું એટલે સર્પ વિચારવા લાગ્યો કે હું બીજાને તો દ્દષ્ટિ માત્રથી ભસ્મ કરી દઉં છું અને આમને મારી દ્દષ્ટિની અસર તો ન થઇ પણ મારા ડંસથી પણ આવું ઉજ્વળ રૂધીર નીકળ્યું માટે આ કોઇ મહંત પુરૂષ છે. આમ ચિંતવે છે એટલામાં ભગવંત બોલ્યા કે "**અરે! ચંડકોશીયા! બુઝ બુઝ! તું નથી જાણતો કે ક્રોધના ફળ કેવા દુઃસહ છે.**" આ પ્રમાણે સાંભળતાંજ તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. અને પાછલા ભવ દીઠા. ક્રોધના ઉદયથી ચારિત્રારાધનના મહાન્ ફળને હારી જઇને તિર્યંચ ગતિની પ્રાપ્તિ થયાનું જાણતાં હૃદયમાં બહુજ પશ્ચાતાપ થયો અને વારંવાર પોતાની આત્મનિંદા કરવા લાગ્યો. પછી ભગવંતને ત્રણ પ્રદક્ષિણા દઇ વિનંતિ કરી બોલ્યોકે હે "કરૂણાસાગર! આપે મારો દુર્ગતિરૂપ કૂપ થકી ઉદ્ધાર કર્યો." આ પ્રમાણે કહીને પોતાનું આયુષ્ય સ્વલ્પ હોવાથી પનર દિવસનું અણસણ કરી અન્ય પ્રાણીઓને પોતાની દ્દષ્ટિવડે હાની ન થવાનું ચિંતવી પોતાનું મોઢું બિલમાં અને શરિર બહાર રાખી રહ્યા અને શ્રીવીરપરમાત્માનું સ્મરણ કરવા લાગ્યો.

હવે તે માર્ગે ચાલવાનો ભય દૂર થયો જાણીને લોકો તે માર્ગે જવા આવવા લાગ્યા. માર્ગે ચાલતી આહેરણીઓએ નાગરાજને સંતુષ્ટ થયેલ જાણીને તેની દુધ, દહીં, ઘૃત અને શર્કરાદિવડે પૂજા કરી. તે વસ્તુઓની ગંધવડે ત્યાં કીડીઓ ઉભરાણી અને નાગરાજના શરીરને ચાળણી પ્રાય કરી નાખ્યું પરંતુ ક્રોધના વિપાક પ્રત્યક્ષ દ્દષ્ટિગત થયેલા હોવાથી તેમજ ભગવંતના માત્ર એકજ વચનથી બોધ પામેલા ચંડકોશીયાએ લેશ માત્ર ક્રોધ ન કર્યો અને સમ્યગ પ્રકારે એ અસહ્ય પીડાને સહન કરી શુભ ધ્યાને કાળ કરી, તીર્યંચગતિને નષ્ટ કરીને આઠમે દેવલોકે દેવપણે ઉત્પન્ન થયો.

આ પ્રમાણે ક્રોધના ઉદયથી એનું પ્રથમનું નિરતિચાર ચારિત્ર તે હારી ગયો એટલા માટેજ પ્રથમની ગાથામાં કહ્યું છે કે દેશેઊણા કોડપૂર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પર્યંત ચારિત્રનું આરાધન કર્યું હોય તે પણ પ્રાણી બે ઘડીના ક્રોધમાં હારી જાય છે. આ વાત ઉપરના દૃષ્ટાંતવડે સિદ્ધ થાય છે.

હવે આ ગાથામાં પ્રથમ કહ્યું છે કે ક્રોધ પ્રીતિનો નાશ કરે છે એ વાતતો સ્થાને સ્થાને દૃષ્ટિગત થાય છે. પછી કહ્યું છે કે માન વિનયનો નાશ કરે છે આ વાત પણ સિદ્ધજ છે. એ સંબંધમાં મુખ્ય શ્રીમત્ ઋષભદેવ ભગવંતના પુત્ર બાહુબળનું દૃષ્ટાંત માત્ર સંક્ષેપમાં લખીએ છીએ.

ભગવંત ઋષભદેવજીએ દિક્ષા અંગીકાર કર્યા અવલ પોતાના ૧૦૦ પુત્રોને રાજ્ય વહેંચી આપ્યું. તેમાં ભરત ચક્રવર્તી મુખ્ય હોવાથી તેને અયોધ્યાનું મોટું રાજ્ય આપ્યું. ત્યારપછી ભગવંત કેવળજ્ઞાન પામ્યા અને ભરત ને ચક્રરત્ન પ્રગટ થયું. પ્રથમ ભગવંતનો જ્ઞાનોત્સવ કરીને પછી ચક્રરત્નનોઅષ્ટાન્હીક મહોત્સવ કર્યો ચક્ર આગળ ચાલ્યું એટલે સાઠ હજાર વર્ષ પર્યંત છ ખંડ પૃથ્વી સાધી પાછા ઘેર આવ્યા. પરંતુ છ ખંડમાં કોઈ પણ સ્થાનકે ચક્રવર્તીની આજ્ઞા મનાવી બાકીમાં રહેલ હોવાથી ચક્રરત્ન આયુદ્ધશાળામાં ન પેઠું. મંત્રીએ જણાવ્યું કે હજુ આપના ૯૯ ભાઈઓએ આપની આજ્ઞા માન્ય કરી નથી તેથી ચક્રરત્ન આયુદ્ધશાળામાં પેસતું નથી. ચક્રીએ તરતજ બાહુબળ શિવાય ૯૮ ભાઈયોને દૂત મોકલીને પોતાની આજ્ઞા પ્રમાણ કરવાનું કહેવરાવ્યું. ભગવંત નીરાગી થયેલ છતાં કાંઈક યુગળીક ભાવ હોવાથી ૯૮ ભાઈયો ભગવંતની પાસે ભરતની ફરીયાદ કરવા ગયા અને કહ્યું કે "અમને રાજ્ય તો આપે આપ્યું છે માટે અમે ભરતની આજ્ઞા માનવાના નથી. ભરત અમને આજ્ઞા માનવાનું કહેવરાવે છે માટે અમારે શું કરવું?" ભગવંતે અનેક પ્રકારની યુક્તિવડે સંસારની અસારતાનો ઉપદેશ કર્યો એટલે ચરમ શરિરી હોવાથી તત્કાળ ૯૮ એ બંધુઓ પ્રતિબોધ પામ્યા અને રાજ્ય ઋદ્ધિ તજી દઈને ભગવંતની સમીપે ચારિત્ર અંગિકાર કર્યું. પાછળ તેના પુત્રોએ ભરતચક્રીની આણા માન્ય કરી.

હવે એક માત્ર બાહુબળને આજ્ઞા માનવાનું બાકીમાં રહ્યું. તેની પાસે પણ ભરતશ્વરે દૂતને મોકલ્યો. પરતુ એ બહીલદેશની તો વસ્તી પણ એવી ઉત્કટ શૌર્યતાવાળી છે કે ભરતનું નામ સરખું પણ જાણતી નથી અને તેને કાંઈ ગણતીમાં પણ લેખવતી નથી. જ્યારે દૂતે બાહુબળને ભરતની આજ્ઞા જણાવી ત્યારે તેને પ્રથમ ૯૮ ભાઈઓના રાજ્ય છંડાવ્યાની હકીકત જાણેલ હોવાથી બહુજ ક્રોધ ચડયો અને ભરતનો તેમજ દૂતનો તિરસ્કાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરીને કહ્યું કે ૯૮ ભાઈઓના રાજ્ય લઈને તેમજ છખંડ પૃથ્વી સાધીને હજુ પણ તે સંતુષ્ટ થયો નહીં એટલે તેણે મારી પાસે આજ્ઞા મનાવવા મોકલ્યો છે પરંતુ મેં તો બાલ ભાઈ જાણીને તેની લોભ દૃષ્ટિ તરફ ઉપેક્ષાવડેજ જોયું છે. નહીં તો તેની શક્તિ હું ક્યાં નથી જાણતો! બાલ્યાવસ્થામાં તેને દડાની પેરે આકાશમાં ઉછાળતો તે વાત શું ભરત ભૂલી ગયો છે! માટે તું જા અને તેને ખુશીથી યુદ્ધ કરવા આવવાનું કહે!

આવા તિરસ્કાર યુક્ત વચનો દૂતે સારી પેઠે મશાલો ભભરાવીને ભરતચક્રીને કહ્યા એટલે તેણે એકદમ રણજાંભા વજડાવી. ચક્ર એ દિશા તરફ ચાલ્યું અને પાછળ બેસુમાર સૈન્ય સાથે ભરત પણ ચાલ્યો. જુઓ બંધુઓનો સ્નેહ! માત્ર રાજ્યના લોભને અર્થે ભગવંતના પુત્ર છતાં બંધુ સ્નેહાદિબધી વાતને ભુલી જઈને યુદ્ધ કરવા તૈયાર થઈ ગયા!

બંને સૈન્યો એકઠા મળ્યા એટલે બાહુબળના સૈન્યનું પરાક્રમ માત્ર વાક્ય રચનાથી પણ અત્યંત જાણીને ભરતચક્રીનું લશ્કર નિઃસત્વ થઈ ગયું. ભરતેશ્વરે પોતાના પરાક્રમની પરીક્ષા બતાવી ને સૈન્યને દૃઢ કર્યું. પછી યુદ્ધ ચાલતાં અનેક પ્રાણીયોનો નાશ જોઈને ઇંદ્રે આવી બંને ભાઈઓને સમજાવ્યા અને સૈન્યને લડતાં અટકાવીને પાંચ પ્રકારના યુદ્ધનું સ્થાપન કર્યું. તેમાંના ચાર યુદ્ધમાં તો ભરતચક્રી હાર્યા. પાંચમા મુષ્ટિયુદ્ધમાં પણ પ્રાંતે બાહુબળની એક મુષ્ટિવડે ભરત કંઠ પર્યંત ભૂમિમાં પેસી ગયા. પછી બીજી મુષ્ટિ ઉપાડીને મારતાં બાહુબળને વિચાર થયો કે અહો! આ મુષ્ટિવડે અવશ્ય ભરતના પ્રાણ જશે અને છખંડ રંડાશે. વળી લોકોમાં પણ ભગવંતના પુત્રોએ લોભને વશ થઈને એક ભાઈએ બીજા ભાઈનો પ્રાણ વધ કર્યો એવો મહાન્ અપવાદ ચાલશે. માટે ધિક્કાર છે આ રાજ્યને! કે જેને અર્થે મારે બંધુવધનો પ્રસંગ આવ્યો માટે હવે આ રાજ્યવડે સર્યું! ભરતજ છ ખંડ ઋદ્ધિને ભોગવો. પરંતુ હવે મારી આ મુષ્ટિ ઉપાડેલી હું વૃથા કેમ જવા દઉં. ઉત્તમ પુરૂષનું આદરેલ કાર્ય ફળવાનુંજ હોય છે એમ વિચારી સંપૂર્ણ વૈરાગ્ય વડે તેજ મુષ્ટિથી પોતાના મસ્તકપરના કેશનું લુંચન કર્યું અને ચારિત્રને અંગીકાર કરી તેજ સ્થાનકે સ્થિત થયા.

પ્રથમ ભગવંતના ચરણકમળને વંદન કરવા માટે જવાની આવશ્યકતા લાગી પરંતુ તે સાથેજ મનમાં વિચાર આવ્યો કે "મારાથી નાના મારા ૯૮ બંધુઓ કેવળજ્ઞાન પામેલા છે અને હું તો છદ્મસ્થ છું તેથી ત્યાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જવાથી મારે મારા નાના ભાઈઓને વાંદવા પડશે. માટે હું કેવળજ્ઞાન ઉત્પન્ન કરીનેજ ભગવંતની સમિપે જાઊં જેથી મારે લઘુ બંધવોને વંદન કરવું ન પડે." આવા વિચારથી અભિમાનને વશ થઈને તેજ સ્થાનકે કેવળજ્ઞાન નિષ્પાદન કરવા માટે કાઉસગ્ગધ્યાને રહ્યા.

સંસારાવસ્થા છોડયા પછી તો લઘુ વૃદ્ધપણું ચારિત્રગુણ કે જ્ઞાનગુણની ઉપરજ આધાર રાખે છે એમ જાણતાં છતાં અને અનેક પ્રકારના રાજ્ય સુખને તજી દીધા છતાં પણ માનદશા છોડાણી નહીં અને તેથી શુભ અધ્યવસાયવડે તરત ઉપજી શકે તેવું કેવળજ્ઞાન ઉત્પન્ન થતું અટક્યું. અનુક્રમે એક વર્ષ પુરૂં થવા આવ્યું. ભરત ચક્રવર્તિનો તરતજ બાહુબળ મુનિરાજને પગે લાગી વારંવાર પોતાનો અપરાધ ખમાવી બહુ પ્રીતિવડે તેમના પુત્ર સોમયસાને રાજ્યપર સ્થાપન કરી ને અયોધ્યામાં આવ્યા. ચક્ર આયુધશાળામાં પેઠું.

અહીં એક વર્ષમાં તો બાહુબળરાજર્ષિને શરિરે અનેક પ્રકારની વેલડીઓ વીંટાઈ ગઈ. દાઢી મુછનાવાળ બેસુમાર વૃદ્ધિ પામ્યા. પક્ષીઓએ માળા નાખ્યા. બીજા પણ કેંક જીવ જંતુઓનું વાસ ગૃહ થઇ પડયું. શરિર ઉપર તદન મમત્વભાવ ન હોવાથી આ બાબતને કિંચિત્ માત્ર પણ ગણનામાં ન લેતાં માત્ર ભગવંતના ધ્યાનમાં લીન થઇ ગયા તે જાણે કોઇ પર્વતનું નાનું સરખું શિખર પૃથક્ પડેલું હોય નહી તેવા દેખાવા લાગ્યા.

લોકાલોકના ત્રણ કાળના સમગ્ર ભાવને કેવળ જ્ઞાનવડે એક સમયમાં જાણનાર શ્રી ઋષભ દેવે અવસર જાણીને બ્રાહ્મી અને સુંદરી નામની પોતાની પુત્રી સાધ્વીઓને બાહુબળને બોલાવવા મોકલી. તેમણે બાહુબળ રાજર્ષિ સમિપે જઇને કહ્યું કે "હે વીર! ગજરાજથી ઊતરો" આવા પરિચિત વચનો કર્ણદ્વારા દાખલ થયા કે પોતાની બહેનોનો એ સ્વર છે એમ ઓળખ્યો. અને તે વાકયના અર્થને વિચારવા લાગ્યા. "બહેનો મને હસ્તી થકી ઊતરવાનું કહે છે પરંતુ હુતો ભૂમિ ઉપર છું. હસ્તી ઉપર ચડેલ નથી માટે એ બોલતાં ભૂલે છે. પણ ના!ના! એમ હોય નહીં! એતો સતિ છે અને સાધ્વી છે તે તો કદાપિ પણ મૃષા વચન ન બોલે! માટે તેમાં કાંઇ અપેક્ષા હોવી જોઈએ. હાહા હું ભૂલ્યો! એ ખરી વાત કહે છે કારણ કે હું માનરૂપી હસ્તી ઉપર ચડેલો છું. મારા મનમાં મારા લઘુ બંધવો ગુણે કરીને વિશેષ હોવા છતાં વંદન કરવા જવામાં હલકાઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જણાણી અને તે અભિમાન વડે હું ગયો નહીં માટે તેમનું કહેવું ખરેખરૂં છે. હું હસ્તી ઉપર આરૂઢ થયેલોજ છું. તો હવે મારે મારી ભૂલ સમજવી જોઈએ અને શિઘ્રપણે મારા લઘુ બંધવો જ્યાં છે ત્યાં તેમને તેમજ પિતાજીને વંદન કરવા જવું જોઇએ. એમને વંદન કરવા જતાં તો મારી વડાઈ છે. હલકાઈ નથી. કેમકે લઘુ બંધવો વિશેષ લાભ મેળવે એમાં મોટા ભાઈને પણ યશ છે." આમ વિચારી સર્વથા માનનો ત્યાગ કરી, ચારે કષાયોને દૂર કરી રાગ દ્વેષની પરણતીને તજી દઈને જેવું આગળ પગલું ભર્યું કે તત્કાળ માત્ર માનના કારણથીજ અંદર પ્રવેશ ન કરતાં ફરતા ફેરા મારતું કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, દેવતાઓએ જ્ઞાનનો મહોત્સવ કર્યો. ભગવંતની સમિપે આવ્યા. અને ઘણા વર્ષ પર્યંત વિહાર કરી અનેક ભવ્ય જીવોને પ્રતિબોધી પ્રાંતે શ્રી ઋષભ ભગવંતની સાથેજ શ્રી અષ્ટાપદ પર્વત ઉપર અણુસણ કરી એક સમયે સિદ્ધિ પદને વર્યા. લોકના અગ્રભાગ નિવાસી થયા.

આ પ્રમાણે માત્ર સહજના માનથી પણ બાહુબળ જેવા રાજર્ષિને એક વર્ષ પર્યંત કેવળજ્ઞાન ઉત્પન્ન ન થયું અને માને કેવળજ્ઞાની લઘુ બંધવોનો કરવા યોગ્ય જે વંદનાદિ વિનય તેનો નાશ કર્યો. માટે માન પ્રત્યક્ષ રીતે વિનયનો નાશ કરનાર છે.

હવે ત્રીજી માયા મિત્રાઇનો નાશ કરે છે એ સંબંધમાં શ્રીમન મલ્લીનાથનું ચરિત્ર "**માયા**" એ મથાળા નીચે લખાય છે તેમાં પ્રગટજ છે કે પૂર્વ ભવે છએ મિત્રો સાથે અત્યંત મિત્રાઈ છતાં માયાવડે તેઓને ઠગ્યા અને વિશેષ તપ કર્યો. આ ઉપરથી વધારે શિક્ષા તોએ પણ ગ્રહણ કરવાની છે કે માયા મિત્રાઈનો નાશ કરે છે એટલુંજ નહીં પણ શ્રી મલ્લીનાથજીની જેમ સ્ત્રી વેદ બંધાવે છે અને તેથી પણ વિશેષ પ્રકારની માયા વડે તિર્યંચ ગતિની પ્રાપ્તિ થાય છે માટે સર્વથા માયાનો સંગ તજી દેવો તેમાં પણ ધર્મ કાંમાં તો કદાપિ માયા કપટ ન કરવું. એમાં કપટ કરવાથી મહા આકરા કર્મોનો બંધ થાય છે.

છેવટે ગાથાના ચોથા પદમાં કહે છે કે લોભ સર્વ વિનાશક છે એ ઉપર સંભૂમ ચક્રવર્તિનું દૃષ્ટાંત છે તે નીચે પ્રમાણે-- અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# माया.

## શ્રી મલ્લીનાથજી ચરિત્ર.

સાંધણ પાને ૮૮ થી.

ઉત્તમ જનોની પ્રકૃતિ સ્વભાવથીજ ઉત્તમ હોય છે. પોતાના સમાગમમાં આવનાર સર્વ મનુષ્યો-પ્રાણિઓને તે સદ્બોધ આપી તેઓના આત્માને ઉચ્ચગતિ ગામી કરે છે. મિત્રો ઉપરજ કૃપા રાખે છે એમ નહિ પણ શત્રુ મિત્ર સર્વ ઉપર સમાન ભાવ રાખી સર્વનું હિત ચહાય છે. સામો માણસ પોતાનું નુકશાન કર્યા કરે છે તોપણ તેનું ભલું ચહાવું એવા ઉચ્ચ વિચારને માટે ઉત્તમ જનોની જેટલી પ્રશંસા કરીએ તે થોડા છે. પ્રશંસાતો શું પણ ખરેખરી રીતે જોતાં એવો સ્વભાવ એજ ભવસમુદ્રથી તત્કાળ તારવાને સાધન ભૂત થાય છે. મલ્લીકુમારીએ પણ જ્યારે અવધિજ્ઞાન વડે પોતાના પૂર્વભવના છ મિત્રોને જુદે જુદે સ્થળે જન્મેલા જાણ્યા અને તેઓ પૂર્વભવની પ્રીતિને લીધે પોતાની માગણી થોડા વખતમાં કરશે એમ જાણ્યું કે તરત તેઓ સંસારની વૃદ્ધિ કરનારા વિચારથી પાછા ફરે અને વૈરાગ્ય પામી પોતાનો જન્મ સફળ કરે એવો ઉપાય પ્રથમથી કરવા માંડયો. સેવકજનોને બોલાવીને આજ્ઞા કરી કે-આપણી અશોક વાડીમાં મનોહર, રમણીક, અનેક સ્થંભોએ યુક્ત અને તત્કાળ મોહને ઉત્પન્ન કરે એવું એક મોહન ગૃહ બનાવો. તે મોહન ગૃહના મધ્ય ભાગની ફરતા અત્યંત શોભનિક છ વાસગૃહ બનાવો અને એના મધ્ય ભાગમાં છ બાજુએ કાષ્ટાદિકની કોરેલી જાળીઓથી છ હાંશવાળું અને છએ વાસગૃહમાંથી જેની અંદર જોઇ શકાય એવું એક જાળગૃહ બનાવો. એ જાળગૃહમાં બરાબર મધ્ય સ્થળે મણિરત્નોની એક મનોહર પીઠિકા રચાવો. એ પ્રમાણે સત્વર તૈયાર કરી મને ખબર આપો.'

સેવકજનોએ એ પ્રમાણે રચના કરી ખબર આપ્યા એટલે મલ્લીકુમારીએ પોતાની જેવડા કદની, પોતાની જેવા વર્ણની, પોતાની જેવી ત્વચા દેખાય એવો ભાસ કરાવનારી, રૂપ, લાવણ્ય અને યૌવન ગુણે પોતાનું સ્વરૂપ દર્શાવતી એક સુવર્ણની પુતળી બનાવી અને તેને મણિપીઠિકા ઉપર સ્થાપન કરી. એ પુતળીનો મધ્ય ભાગ સઘળો પોલો રાખ્યો હતો. તેના મસ્તક ઉપર એક છીદ્ર રાખી તેને માટે એક નીલકમળનું સુશોભિત ઢાંકણું કર્યું. પછી દરરોજ યોગ્ય અવસરે ચાર પ્રકારના સ્વાદિષ્ટ આહાર કરનારી તે રાજબાળાએ ભોજનમાંથી એક એક કવળ તે પુતળીના મસ્તક-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નું ઢાંકણું ઊઘાડી તેમાં નાખવા માંડયો. નિરંતર આહારના કોળીઆ નાખવાથી મૃતકસર્પના, મૃતકગાયના અને મૃતકમનુષ્યના કલેવરની દુર્ગંધ કરતા પણ અત્યંત અનિષ્ટ દુર્ગંધ તેમાં ઉત્પન્ન થયો.

અનેક તીર્થંકરોનો એવો સિદ્ધાંત છે કે જે કાર્યમાં અલ્પ પાપ અને બહુ નિર્જરા અથવા લાભ હોય તે કાર્ય ખુશીથી કરવું. સિદ્ધાંતમાં—આગમમાં ગણધરોએ એ ભાવ ઉઘાડી રીતે અને ગાર્ભિક રીતે ઘણે સ્થળે દર્શાવ્યો છે તો પણ એ વચનને નહિ માનનારા, જિનેશ્વરની પૂજા વિગેરે કાર્યમાં સ્નાન કરવું પુષ્પને અડકવું અને બીજી એવી સહજ પાપવાળી ક્રિયા કરવી તેને લાભ ઉપર ધ્યાન ન આપતા પાપગય ગણી પોતાનો દુરાગ્રહ પકડી રાખનારા અને એમ કરવાથી આપણે ભગવંતના વચનનું ઉત્થાપન કરીએ છીએ એવો વિચાર નહિ કરનારા અથવા વિચાર આવ્યા છતાં દુર્ભાગ્યના યોગથી તેને ગુપ્ત રાખનારા અમારા ઢુંઢીઆ બંધુઓએ અને તેની જેવાજ બીજા વિચારવાળાઓએ આ ઉપરથી વિચારી જોવું કે મલ્લીકુમારીએ આ કામ કર્યું એ કેવું કામ? એ પોતે તીર્થંકર, સર્વથી અધિક અને ત્રણ જ્ઞાને સહિત હતા તોપણ કાર્યના ફળમાં અત્યંત લાભ જાણી એમણે જે દુર્ગંધમાં અનેક જીવ ઉત્પન્ન થઈ વિનાશ પામે એવો દુર્ગંધ પ્રાપ્ત થાય તેમ થવા દીધું! એ ઉપરથી વિચારો, શુદ્ધ બુદ્ધિથી અવલોકન કરો અને દુરાગ્રહ તજી ખરા વિચાર ઉપર આવો તો આવી શકાય એવું આ દ્રષ્ટાંત છે.

જે સમયે મલ્લીકુમારીએ મોહન ગૃહની ઉપર પ્રમાણે રચના કરાવી તેજ સમયે પૂર્વ ભવના છ મિત્રો જેઓ જુદે જુદે સ્થળે રાજકુળમાં અવતર્યા હતા અને પોતે રાજા પણ થયા હતા તેઓને જુદા જુદા પ્રકારના કારણથી મલ્લી કુમારી ઉપર મોહ થયો અને તેમના દૂતો માગણી કરવાને માટે ત્યાં આવ્યા. મોહ—રાગ ઊત્પન્ન થવાના કારણો નીચે પ્રમાણે બન્યા હતા—

પ્રથમ મિત્રનો જીવ કોશલ દેશની અયોધ્યા નામની નગરીમાં પ્રતિબુદ્ધ નામનો રાજા થયો. તેને પદ્માવતી નામે રાણી હતી અને સુબુદ્ધિ નામે પ્રધાન હતો, એ નગરની ઈશાનકૂણે એક મોટો નાગદેવનો પ્રાસાદ હતો. તેમાં નાગદેવની સર્પાકાર મૂર્ત્તિ હતી. એ દેવ લોકોની સાંસારીક સર્વ વાંછના પૂર્ણ કરે છે એવી લોકોમાં ખ્યાતિ ચાલવાથી તે સત્યદેવ ગણાતો. એક વખત તે નાગદેવના વાર્ષિક ઊત્સવનો દિવસ આવ્યો તે સમયે પદ્માવતી દેવીએ રાજા પાસે જઈ બે હસ્ત જોડી વિજ્ઞાપના કરી કે—'સ્વા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મિન્! આવતી કાલે નાગદેવનો વાર્ષિક ઊત્સવ છે માટે આપ આજ્ઞા આપો તો હું ત્યાં જઈ ભવ્ય પ્રકારે ઊત્સવ કરવાની ઈચ્છા રાખું છું. આપ પણ મ્હારા એ ઊત્સવમાં પધારો તો હું અત્યંત આનંદ પામીશ.' રાજાએ આજ્ઞા આપી–પોતે પણ ત્યાં પધારવાની મરજી જણાવી એટલે રાણી હર્ષ પામતી સ્વસ્થાનકે ગઈ. પછી રાજાએ સેવકોને આજ્ઞા કરી કે–'તમે માળી લોકોને જઈને કહી આવો કે આવતી કાલે પદ્માવતી રાણી મ્હોટા ઊત્સવથી નાગદેવની પૂજા કરનાર છે માટે તમે પ્રાતઃકાળે જળ સ્થળથી ઊત્પન્ન થયેલા પાંચ વર્ણના પુષ્પોની માળાઓ તૈયાર કરીને નાગદેવના પ્રાસાદમાં પહોંચાડજો; તે સાથે અનેક પ્રકારના સુગંધમય પુષ્પોના સમુહથી કરેલી માળાઓવડે ગુંથેલો એક મોટો ફુલનો દડો બનાવીને લાવજો. માળાકારોને એ પ્રમાણે કહી તમે નાગદેવના મંદીર પાશે એક સુશોભિત પુષ્પ મંડપની રચના કરો. એ મંડપના મધ્ય ભાગમાં ચંદુવાને વિષે, માળાકારો સુગંધમય પુષ્પનો દડો બનાવી લાવે તે બાંધીને ગોરી અને દેવીની આવવાની રાહ જોતા તમે બેસજો."

સેવક જનોએ તરતજ આજ્ઞાનું અનુકરણ કર્યું. માળીઓ ઊત્તમ જાતના પાંચ વર્ણના પુષ્પથી અંદર હસ્તી, અશ્વ, વૃષભ, મનુષ્ય, મકર, સર્પ, પક્ષી દેવતા, હંસ, કોયલ અને શરભ વિગેરે અનેક પ્રકારના આકારો પાડી એક અનુપમેય દડો બનાવી પ્રાતઃકાળે ત્યાં લાવ્યા. સેવકોએ મંડપની રચના કરી હતી તેમાં રાજાની આજ્ઞા પ્રમાણે મધ્ય ભાગે એ અનોપમ પુષ્પ દડો બાંધ્યો, જેમાંથી ચોતરફ સુગંધ વિસ્તાર પામ્યો.

રાણીએ પણ અગાઊથી પોતાના સેવકોને આજ્ઞા કરી રાખી હતી તે પ્રમાણે તેઓએ પ્રાતઃકાળે નગરના સર્વ રસ્તાઓ સાફ કરી જળનો છંટકાવ કર્યો અને આખા નગરને સારી રીતે શણગાર્યું. રાણીએ પોતાને બેસવાનો ઊત્તમ રથ મંગાવ્યો. સ્નાન કરી ઊંચા પ્રકારના વસ્ત્રાલંકાર ધારણ કરી તે ધર્મયાનમાં બેસી અનેક દાસ દાસીના પરિવારે યુક્ત તે સાકેતપુર (અયોધ્યા)ના મુખ્ય માર્ગે થઈ નગર બ્હાર જ્યાં પુષ્કરણી છે ત્યાં આવી. પુષ્કરણીમાં પુનઃ સ્નાન કરી બીની સાડી સહીત પૂજન કરવાને યોગ્ય કમળ પુષ્પો ગ્રહણ કરી નાગદેવના પ્રાસાદમાં ગઈ. ત્યાં તે પુષ્પથી તથા દાસીઓએ તૈયાર કરી રાખેલી બીજી પૂજન સામગ્રીથી નાગદેવની પૂજા કરી પતિને આવવાની રાહ જોતી બેઠી.

રાજા પણ પ્રાતઃસમયે ઊઠી સ્નાન મજ્જનાદિ કરી, ઊત્તમ પ્રકા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રના વસ્ત્ર ધારણ કરી હસ્તિ ઉપર બેસી નગર બ્હાર જવાને નીકળ્યો. તેની બે બાજુ ચામર વીંજાઈ રહ્યા હતા અને માથે છત્ર ધારણ કર્યું હતું. એ શિવાય બીજી સર્વ રાજ્ય ઋદ્ધિથી નગરના મુખ્ય ભાગને શોભાવતો નાગદેવના પ્રાસાદ પ્રત્યે આવ્યો. નાગદેવને પ્રણામ કરી પુષ્પ મંડપમાં જઈને બેઠો. ત્યાં અત્યંત સુગંધી પુષ્પ દડાને જોઇ આલ્હાદ પામી સુબુદ્ધિ મંત્રીને પુછ્યું કે—'મિત્ર! તું રાજ્ય કાર્યને માટે ઘણા રાજ્યોમાં જાય છે, ત્યાં કોઈ સ્થાનકે આવો અપૂર્વ પુષ્પદડો જોયો છે?'

પ્રધાનઃ 'રાજેંદ્ર! એક દિવસ રાજ્ય કાર્યને માટે હું મિથિલાપુરી ગયો હતો. ત્યાંના કુંભ રાજાને મલ્લીકુમારી નામે અત્યંત રૂપવતી એક પુત્રી છે. તેની વર્ષ ગાંઠના મહોત્સવમાં દર વર્ષે વર્ષની સંખ્યા જાણવા માટે એકેક ગાંઠનો બંધ થાય છે. તે ગ્રંથી બંધનના મંડપને વિષે મેં જે પુષ્પ દડો જોયો છે તેની શોભા તથા સુગંધને લક્ષાંસે પણ આ 'શ્રીદામ નથી.' એ પ્રમાણે કહેવા સાથે તેણે મલ્લીકુમારીના રૂપનું પણ વર્ણન કર્યું. રાજા પુષ્પદડાની એવી રચના જાણીને તથા મલ્લીકુમારીનું અનુપમેય વર્ણન સાંભળીને મલ્લીકુમારી ઉપર રાગવંત થયો. પૂર્વ ભવના સ્નેહને લીધે પ્રાણિને સહજ કારણ મળ્યે અપૂર્વ રાગ ઉત્પન્ન થાય છે. તરતજ દૂતને બોલાવી આજ્ઞા કરી કે—'તું સત્વર મિથિલા નગરી પ્રત્યે જા. ત્યાંના કુંભ નૃપતિને મળી તેની મલ્લીકુમારી નામે પુત્રીની મારે માટે યાચના કર. કદી એ આનાકાની કરે અથવા કાંઈ કારણ બતાવે તો આ સમગ્ર રાજ્ય આપી દેવાનું કહીને પણ બદલામાં તે રાજ પુત્રીની માગણી કરજે.'

સ્વામીની એ પ્રમાણે આજ્ઞા થવાથી દૂત ઉત્તમ વાહનમાં બેસી યોગ્ય પરિવાર લઈ મિથિલાપુરીએ આવ્યો. અપૂર્ણ.

---

# જૈન સમુદાયની એક મ્હોટી સભા.

## (કોન્ગ્રેસ) ભરાવાની જરૂર.

મુસલમાની રાજ્યના જુલમી પ્રસંગથી આર્યવૃત્તની કેટલીક જાહોજલાલી નરમ પડી તે સાથે વ્યવહાર, વિચાર, વિવેક અને વિદ્યામાં પણ આર્યજનોની સ્થિતિ નબળી થઈ. ઇંગ્રેજી રાજ્યના પ્રસંગથી કેળવણીનો પુનઃપ્રસાર થવા લાગ્યો અને તેથી નબલાઈ ઓછી થઈ સારી સ્થિતિપર આવવાનો આભાસ થવા લાગ્યો. ધીમે ધીમે કેળવણી પામેલાઓએ પોતા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ની વિદ્યાનો દેશને લાભ આપવા માંડ્યો અને વિદ્યા વૃદ્ધિના કેટલાક સાધનો તૈયાર કરી લોકોને રસ્તાપર દોર્યા. એ બાબત ઉપરથી આગળ વધી દેશના વિદ્વાન જનોએ રાજ્યકાર્ય બાબતમાં પણ ધ્યાન આપવા માંડ્યું અને તે કાર્યમાં લોકો તરફથી સરકારને સૂચનાઓ કરવા માટે દેશના સમગ્ર ભાગના આગેવાન જનોથી બનેલી નેશનલ કોન્ગ્રેસ નામની સભા દરવર્ષે જુદે જુદે સ્થળે ભરવા માંડી. એ સભા કેટલેક દરજ્જે પોતાના કાર્યમાં વિજય પામવા લાગી તે જોઈ સાંસારીક વ્યવહારીક કાર્યોને માટે પણ એવી સભાઓ થવા લાગી. હમણા ગુજરાતના ઔદીચ્ય બ્રાહ્મણોએ પોતાની જ્ઞાતિના સુધારા માટે ઔદીચ્ય કોન્ગ્રેસ નામની એક સભા અમદાવાદમાં ભરી હતી. અગર જો કે સઘળા કાર્યો એકદમ રસ્તાપર આવી શકતા નથી તોપણ આપણે જોઈએ છીએ કે આવી સભાઓથી કેટલીક જાતના લાભ અવશ્ય થઈ શકે છે.

આર્યાવૃત્તમાં જૈન વર્ગની બ્હોળી વસ્તી છે તેમાં પણ મુખ્ય ભાગ મુંબાઇ ઈલાકામાં વસનારો છે. વ્યવહારીક બાબતમાં જૈન સમુદાય સારી રીતે પંકાયેલ છે. વિદ્યા ઉપર લક્ષ્ય નહીં હોવાને લીધે બીજી બાબતોમાં જૈન સમુદાય પાછળ છે તો પણ ઘણા દ્રવ્યવાન, ડાહ્યા અને સમજુ ગૃહસ્થો આ કોમમાં છે. જૈન વર્ગ તરફથી ધર્મ કાર્યમાં દ્રવ્ય પણ પુષ્કળ ખરચાય છે. જૈન સમુદાયની આવી સર્વ દેશીય સભાજનોથી ભરેલી એક કોન્ગ્રેસ ભરાયતો તેથી ઘણા લાભ થાય. પરસ્પરનો સંબંધ વધે, એક બીજાના સારા વિચારો લેવાય દેવાય, કેટલીક જાતના સુધારા પણ થાય, ધર્મ કાર્યો વધારે સગવડથી સારી રીતે બન્યા જાય અને બીજા અગણિત ફાયદા થાય. આવી બાબતમાં જૈનો પાછળ હોવાથી જે વિચારો જૈન કોમના આગેવાન ગૃહસ્થોએ કરવા જોઇએ છીએ તે થઈ શકતા નથી અને એવી ઘણી બાબતો ઉપર સારી રીતે વિચાર કરી તે તે સંબંધમાં સુધારા કરવાની જરૂર છે.

જૈનો તરફથી જે પુષ્કળ દ્રવ્ય વર્ષોવર્ષ શુભ માર્ગે ખરચાય છે તેમાં બહુધા લોકો એક બીજાનુ જોઈને કરનારા અથવા કીર્તિનો લોભ રાખી ખરચનારા હોવાથી તેઓનું લક્ષ કેટલીક ખરી બાબતો ઉપર જતું નથી. તેવા કામ પડયા રહે છે, બગડયા કરે છે અને જે રસ્તે દ્રવ્ય ખરચાય છે તેજ રસ્તે સૌ ખરચ્યા જાય છે. આ બાબતને માટે વિવેચન કરી, રહી જતા સારા કાર્ય સંબંધી લોકોને સમજાવી તેઓનું તેવા કાર્ય ઉપર લક્ષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખેંચવું એ આ સભાનું પ્રથમ કામ છે.

આચારદિનકરાદિ વિધિ ગ્રંથોમાં જૈનાચાર્યોએ જૈનોના સર્વ સંસ્કાર વ્યવહાર સંબંધી વિધિ બતાવેલો છે તોપણ તે વિધિ કાળક્રમે પલટાઈ ગયો છે અને હાલમાં વિવાહાદિ સર્વ ક્રિયાઓ અન્ય દર્શની બ્રાહ્મણોને હાથે એમનીજ રીતિ પ્રમાણે થાય છે. તે સંબંધી વિવેચનો કરી તેવા ગ્રંથો માંહેની વ્યાખ્યા પ્રસિદ્ધિમાં લાવી લોકો શુદ્ધ રીતિ પ્રમાણે સર્વ ક્રિયાઓ કરે એમ કરવું એ આ સભાનું દ્વિતીય કામ છે.

જ્ઞાન ખાતામાં દર વર્ષે જુદી જુદી રીતે પુષ્કળ પૈસા ખરચાય છે તો પણ કોઇ સ્થળે એવો એક પણ જૈન ભંડાર નથી કે જ્યાં સર્વ જૈન ગ્રંથો મળી શકે. જે જે સ્થળે નાના મ્હોટા પણ ભંડારો છે તેમાંના કેટલાક ભંડારો તો અજ્ઞાન જનોના તાબામાં હોઇને ઉધી ખાતા પડ્યા છે, કેટલાક ભંડારો તેમાંથી કોઇને પણ એકે પુસ્તક વાંચવા ન મળી શકે તેવી સ્થિતિમાં છે, કેટલાકની નોંધ–ટીપ પણ મળી શકતી નથી, કેટલાક ભંડારના પુસ્તકો ઉપરીઓ વેચી ખાય છે, અને કેટલાક ભંડારો કજીયા ટંટાથી લોઢાના તાળાને સ્વાધિન પડેલા છે. આવા ભંડારોના ઉપરીઓને સમજાવી તે તે ભંડારના પુસ્તકોનો સદુપયોગ થાય તેમ કરવું, એક સ્થળે તમામ જૈન પુસ્તકો મળી શકે એવી પુસ્તકશાળા બનાવવી, અને જે ઉપયોગી પુસ્તકોની દશ પંદર પરતો લખાવવાથી છપાવવા જેટલો ખર્ચ થઈ જાય તેવા ગ્રંથો લખાવવાને મદદ કરનારાઓ પાસેથી મદદ લઈ તે તે ગ્રંથોનો સમુદાયના સર્વ માણસો લાભ લઇ શકે માટે છપાવી પ્રસિદ્ધ કરવા વિગેરે બાબતો ઉપર લક્ષ આપી જૈન ગ્રંથોનો ઉદ્ધાર કરવો એ આ સભાનું ત્રીજું કામ છે.

જૈન વર્ગમાં વિદ્યાનો પ્રસાર ઓછો છે તે વૃદ્ધિ પામે એટલા માટે ધર્મીષ્ટ અભ્યાસીઓને કેળવણી પામવામાં ઉત્તેજન આપવાના ઉપાય યોજવા એ આ સભાનું ચોથું કામ છે.

જૈન સાધુઓ અને ગૃહસ્થોને સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરવા માટે જૈનાચાર્યોના બનાવેલા વ્યાકરણ–કાવ્ય કોષ વિગેરે સમર્થ જૈન ગ્રંથો છે તો પણ અભ્યાસીઓને અન્ય ગ્રંથોનો–અન્ય ધર્મીની મદદથી—અભ્યાસ કરવો પડે છે તે બાબત ધ્યાનમાં લઈ મ્હોટી મ્હોટી જૈન પાઠશાળાઓ સ્થાપવાની યોજના કરવી, તેમાં જૈન ગ્રંથોનોજ અભ્યાસ થાય એવી ગોઠવણ કરવી, એમાં ઉપયોગી ગ્રંથો બ્હાર પાડી અભ્યાસીઓને સગવડ કરી આપવી અને એ રીતિ પ્રમાણે અભ્યાસ કરી પોતાનો અભ્યાસ આગળ ચલાવનારાઓને ઉત્તેજન આપવું વિગેરે કામ કરવું એ આ સભાનું પાચમું કાર્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યાં ઘણાં દેરાંઓ હોય છે ત્યાં પણ લોકો નાગનાને માટે દેરાંઓજ કરવા ખુશી થાય છે, ખીચોખીચ પ્રતિમા હોય તેવા દેરામાં પણ પ્રતિમા બેસારી (ભલે પછી આશાતના થતી હોય) આનંદ માને છે તેવાઓને જીર્ણોદ્ધારના લાભ પૂર્ણ રીતે સમજાવી તે કાર્યમાં પૈસા ખરચવાનો ઉપદેશ કરવો એ આ સભાનું છઠું કાર્ય છે.

કેટલાક તીર્થોના કાર્યભાર સંબંધી કેટલીક વાર અવ્યવસ્થા થયેલી જણાય છે, તે માટે કેટલીક વાર મ્હોટા ઝગડા—તકરાર ઉઠે છે, હજી પણ કેટલેક સ્થળે એવી અવ્યવસ્થા ચાલતી પણ હશે તે બાબતને માટે વિચાર કરી એવી ગોઠવણ કરવી કે કોઇ વખત કોઈ પણ તીર્થના કામમાં અવ્યવસ્થા કે ગોટાળો થઈજ ન શકે એ આ સભાનું સાતમું કાર્ય છે.

એ શિવાય ધર્મવૃદ્ધિના તથા સ્વધર્મી બંધુઓના ઉદયના બીજા ઘણા ઉત્તમ કાર્યો કરવાના છે. એટલા માટે સર્વ દેશના—સર્વ નગરના જૈનબંધુઓ તરફ આમંત્રણ પત્ર મોકલી તેઓની તરફથી પ્રતિનિધિઓ આવે અને એવા પ્રતિનિધિઓની રીતસર અમુક દીવસે અમુક સ્થળે સભા ભરવી એ બાબત ઉપર સર્વ જૈનબંધુઓએ ધ્યાન આપવાની જરૂર છે. આ કાર્યથી અવશ્ય ઘણા લાભ થઈ શકશે, જુદાજુદા દેશના જૈનબંધુઓનો મોટો મેળો થશે અને અપૂર્વ આનંદ વ્યાપશે.

વિશેષે કરીને આ વાત મુંબઈની જૈન એસોસીએશન અને અમદાવાદના શેઠીયાઓ ધારે તો બની શકે તેવી છે. એઓને અમારી વિનંતી છે કે આ કાર્ય જૈનવર્ગને અત્યંત લાભકારી છે એમ ધારી તેઓએ આ બાબતમાં સંપૂર્ણ ધ્યાન આપવું. એસોસીએશને તો ઉપર બતાવેલા કાર્યોમાંથી કેટલાક કાર્યો કરવાને પોતાનો વિચાર મૂળથીજ જાહેર કર્યો છે તે વિચારને આવી સર્વ દેશીય કોન્ગ્રેસ ભરાવાથી સારી પુષ્ટિ મળશે માટે એસોસીએશનના આગેવાનોએ આ બાબત ઉપર જરૂર લક્ષ આપવાનું છે. અમદાવાદના શેઠીયાઓમાં હાલ કેટલાક ખાનગી કારણોથી બહુ ખટપટો ઉભી થએલી છે. તેઓએ પોતાના વડીલોએ સમુદાયના લાભાર્થે કરેલા કામ ઉપર વિચાર કરી પોતે પણ ખાનગી ખટપટોને દૂર મુકી—અથવા તેને વ્યવહારીક કાર્યમાંજ રાખી સમુદાયને લાભ કરનાર આવા કાર્યમાં બનતો યત્ન કરવો એ તેમની ફરજ છે. આશા છે કે તેઓ પણ પોતાની ફરજ બજાવવા ચુકશે નહીં.

છેવટે સર્વ જૈનબંધુઓને સવિનય પ્રાર્થના કરવામાં આવે છે કે આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થી (કોન્ગ્રેસ સઘળા દેશના–ગામના–સભાસદોથી ભરાયેલી મ્હોટી સભા) ભરાવાથી ઘણી જાતનાં ફાયદા છે માટે એ ધારણા પારપડે તેવા ઉપાય જાતે કરવા, પોતાથી ન બને તો બીજાઓને તે કામને માટે ઉશ્કેરવા અને તન, મન તથા ધનથી બનતી રીતે મદદ આપવી. આશા છે કે જૈનબંધુઓ આ વાત ઉપર ધ્યાન આપશે અને આ ઉપયોગી–જૈનોનો ઉદય કરનારું–કાર્ય સિદ્ધ થશે.

આ કાર્યને માટે જેઓએ ચર્ચા ચલાવવી હોય–પોતાના વિચાર બતાવવા હોય તેઓએ ખુશીથી આ ચોપાનીયાદ્વારા તે પ્રમાણે કરવું. આ બાબતને માટે જૈનબંધુઓના આવેલા લખાણો ઘણો ઉપકાર માનવા સાથે તત્કાળ પ્રસિદ્ધ કરવામાં આવશે.

જે જે વર્તમાનપત્રોના અધિપતિઓ જૈન છે તેઓએ આ વિષયને પોતાના વર્તમાનપત્રમાં સારી રીતે ચર્ચવો એવી તેમને પ્રાર્થના છે.

---

# वर्त्तमान समाचार.

## (શ્રી મન્મુનિ મહારાજ શ્રી વૃદ્ધિચંદજીની આરોગ્યતા.)

મુનિમહારાજ શ્રી વૃદ્ધિચંદજી પાંચ છ મુનિઓ સાથે શ્રી ભાવનગરમાં ચતુર્માસ રહેલા છે. પોતાને પગે થયેલા વ્યાધિની પ્રબળતાથી વિહાર કરવાની અશક્તિ થયેલી છે તેથી તેઓ સાહેબ હાલમાં ભાવનગરના સંઘને ઉપદેશામૃત વડે આનંદ પમાડે છે. અગર જોકે એમની જન્મભૂમિ પંજાબ દેશમાં હોવાથી શરીરના બાંધા ઉપરથી જોનારાને મજબુત જણાય તેવો છે પરંતુ અશાતા વેદનીના ઉદયથી પગનો વ્યાધિ, સ્થંડિલનો વ્યાધિ વગેરે વ્યાધિથી શરીરની અંદરનો સર્વ ભાગ ક્ષીણ થયેલ દ્રષ્ટિગત થાય છે. તેમાં પણ હાલ છાતીમાં અસહ્ય વ્યાધિ ઉત્પન્ન થયો અને દુખાવાના વ્યાધિએ દિવસે દિવસે વધારે જોર પકડ્યું. ભાદરવા શુદ ૧ ને દિવસે તો વ્યાધિએ ભયંકર સ્વરૂપ ધારણ કર્યું, શ્વાસ ચડવા લાગ્યો અને બોલવાની પણ શક્તિ રહી નહિ. આથી સંઘના સર્વ મનુષ્યો અત્યંત દિલગિરીમાં નિમગ્ન થઈ ગયા. પરંતુ ઔષધ ઉપચારથી અને શ્રી સંઘના ભાગ્યોદયથી પ્રબળ થયેલ વ્યાધિ ધીમે ધીમે નિર્બળ થવા લાગ્યો અને સર્વના ચિત્ત કાંઈક શાંત થયા. હાલમાં જોકે સંપૂર્ણ રીતે આરોગતા નથી. કારણકે જિનમંદીર સુધિ પણ દર્શન કરવા જવાની શક્તિ નથી તોપણ જે વ્યાધિએ વૃદ્ધિ પા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મી ઉગ્ર સ્વરૂપ પકડી ભક્તજનોને ઉંડી ચિંતામાં નાખ્યા હતા તે વ્યાધિ શાંત થઈ ગયો છે એટલે તે સ્થિતિ સાથે મુકાબલો કરતાં હાલની સ્થિતિ સંતોષકારક છે.

મહારાજ શ્રી બુટેરાયજી ( બુદ્ધિવિજયજી ) હાલના સમયમાં મુનિઓના આચાર વિચારમાં પ્રથમ પંક્તિમાં ગણાતા. એઓના તેજસ્વી પ્રતાપથી તેમનો કહેવાતો સંઘેડો સાધુ સાધ્વીની સંખ્યામાં વિશેષ પ્રકારે વૃદ્ધિ પામેલ છે. હાલમાં વિદ્વાન કહેવાતા અને સાધુપણાના ગુણને માટે પ્રખ્યાત ગણાતા સાધુઓમાં મોટો ભાગ આ સંઘાડાનો છે. મહારાજશ્રી પણ એ ગુરૂ મહારાજાના શિષ્ય છે. મુનિ મહારાજશ્રી મુળચંદજીના કાળ કર્યા પછી આ સંઘાડામાં મહારાજશ્રી વૃદ્ધિચંદજી મુખ્ય છે. એમનો સ્વભાવ શાંત છે. ગંભીરતાના એ સાગર રૂપ છે. એમનામાં એવા ઊંચ ગુણ પ્રકાશમાન થઈ રહ્યા છે કે એની સાથે બેઘડી વાત કરી જનાર પણ મનમાં ખુશી થયા વગર રહેતા નથી. જેઓને એમનો સારી રીતે અનુભવ થયો હશે તે માણુસતો તેમના ઉત્તમ ગુણને માટે પ્રશંસા કર્યા વગર રહી શકે તેવું નથી. ખટપટની બાબતતો એઓને પસંદજ નહિ. એક કામ કરવું હોય તો તે સારી રીતે વિચારીને કરે. કોઇ પણ માણુસને દુઃખ લાગે એવું વચનતો એમના મુખમાંથી નીકળ્યુંજ નહિ હોય. આ સાથે એમનું જ્ઞાન પણ ઊંચા પ્રકારનું અને વૈરાગ્ય વૃત્તિ પણ ઊંચા પ્રકારની છે. જે માણુસને એમનો ઊંડો અનુભવ થયો છે તે એમના અનુભવી આત્મજ્ઞાનને માટે ઊંચો મત પ્રસિદ્ધ કર્યા વગર રહી શકતા નથી.

મહારાજશ્રીનું ઔષધ ભાવનગરની દરબારી દવાશાળાના મુખ્ય ડાકતર સાહેબ શીવનાથભાઇ કરે છે. આ કાર્યમાં એમણે એટલો પ્રયાસ કર્યો છે અને એવા શુદ્ધ અંતઃકરણથી ભક્તિ કરી છે કે એવી રીતે કોઈ શ્રાવક પણ ન કરી શકે. આ કાર્યથી એમણે પુણ્ય બંધ પણ વિશેષ કર્યો છે કારણ કે એક ભક્તજન હોય એવી રીતે એઓએ મહારાજશ્રીની ભક્તિ કરી છે. આ બાબતને માટે ભાવનગરનો શ્રાવક સમુદાય એમનો અત્યંત આભારી છે. હજી પણ મહારાજશ્રીને એમનુંજ ઔષધ જારી છે અને તેઓ વ્યાધિને નિર્મૂળ કરવાને માટે ગુરૂતર પ્રયાસ કરે છે. અમે ઇચ્છીએ છીએ કે એઓ પોતાના કાર્યમાં ફતેહમંદ થાય અને જૈન સમુદાયને વિશેષ હર્ષ પમાડી અધિક યશ પ્રાપ્ત કરે. તથાસ્તુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સૂચના.

આ વર્ષનો આ સાતમો અંક છે. ગ્રાહકોએ હવે આળસ તજી લવાજમ તાકીદ મોકલવું જોઈએ. ચોપાનીયું સ્વલ્પ મૂલ્યમાં સારી સેવા બજાવે છે એ ઉપર ધ્યાન આપી લવાજમ મોકલવામાં ત્વરાવાળા થવું એ કદરદાન ગ્રાહકોની ફરજ છે. કેટલાએકો પાસે બે ત્રણ ચાર પાંચ વર્ષોના લવાજમ ચડેલાં છે તેવા આળસુ ગ્રાહકોએ આંખ ઉઘાડી લવાજમ મોકલી આપવું. દરવર્ષે ઉઘરાણીને માટે બે પૈસાનો ખર્ચ થાય છે અને બેરની ચોપડીનો હક જાય છે, વળી લવાજમતો જ્યારે ત્યારે વહેલુ મોડું પણ દેવું પડશેજ એ સર્વ બાબતનો વિચાર કરી ચડેલા પૈસા મનીઓર્ડરથી મોકલી આપવા અથવા અમારા એજંટોને ભરવા.

મુંબઈના ગ્રાહકો ઉપરતો આ વર્ષમાં એક વખત પત્ર લખાઇ ગયા છે તેઓએ તે બાબત ઉપર ધ્યાન આપી લવાજમ વાળી દેવુ અને બીજા ગામ વાળાઓએ પણ પત્ર ખર્ચ કર્યા અગાઉજ ઉદારતા જણાવી દેવી ધ્યાનમાં રાખવું કે આ જ્ઞાન ખાતાનું કામ છે. કોઇના ઘરનું નથી.

મુંબઇ, સુરત, ભરૂચ, પુના, વડોદરા, અમદાવાદ, વીરમગામ, ધોરાજી, ભુજ વગેરે જેજે ગામમાં અમારા એજંટો છે તેનાં નામ બ્હાર પડેલાં છે માટે સવળ પડે તેમણે તેની મારફત મોકલવા અને બીજાઓએ મનીઓર્ડરથી મોકલવા. ટીકીટ મોકલનારને ગેરવલે ગયાનું જોખમ તેને માથે છે.

અમારી ઓફીસમાં વેચાતાં પુસ્તકોનું લીસ્ટ જુદું બ્હાર પડેલુ છે તે શિવાયની ચોપડીનો નોંધ ગયા ચોપાનીઆમાં પ્રસિદ્ધ થયેલ છે તે ઉપરથી જેઓને કાંઇ પણ પુસ્તક જોઇએ તેણે ખુશીથી અમારી પાસેથી મગાવવું. વેલ્યુપેએબલથી મંગાવવું એ વધારે ફાયદાકારક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# लवाजमनी पहोंच.

૧—૩ શા. મોતીચંદજી પદમાજી.
૧—૪ શા. હીરાચંદ વેલજી.
૧—૩ દોસી બેચર ટોકરશી
૨—૭ ગાંધી. મોહનલાલ મુળચંદ.
૨—૭ શેઠ. લખમીચંદ મોહનલાલ.
૩—૯ શા. હીરાચંદ દીપચંદ.
૧—૩ શા. લાલજી મુળજી.
૧—૩ વૈદ ઓધવજી [illegible]
૨—૬ શા. કીલાભાઈ જેઠાભાઈ.
૧—૩ શા. લલુ બુલાખીદાસ.
૧—૩ શા. સરૂપચંદ [illegible].
૩—૧૦ શા. દયાભાઈ દલપતભાઈ.
૧—૩ શા. ચુનીલાલ હીરાચંદ.
૨—૭ શેઠ. અનોપચંદ મલુકચંદ.
૨—૬ શા. ભોગીલાલ ફલીચંદ.
૧—૩ શા. દલસુખ હરીલાલ.
૧—૩ શેઠ. દીપચંદ જેચંદ.
૩—૯ શા. નગીનદાસ છગનલાલ.
૧—૧૧ શા. ત્રીભોવન ખોડીદાસ.
૧—૩ શા. માણેકચંદ તળશીભાઈ.
૨—૦ શા. ચુનીલાલ આંબુશા.
૧—૩ શા. ઝવેરચંદ રાઈચંદ.
૧—૩ શા. વીઠલદાસ ઉમરચંદ.
૨—૬ શા. ઉમેદ નાનચંદ.
૦—૬ સાંઘવી હરખા તેજા.
૧—૩ શા. નરશી ડાયા.
૧—૩ શા. ઉમેદ નરશી.
૧—૩ શા. જગતાજી ઓપાજી
૩—૯ મહેતાજી. મુળચંદ સુરચંદ.
૨—૬ પારી. ઠાકરશી લાલચંદ.

૧—૦ કોઠારી. જેચંદ જેઠીભાઈ.
૨—૭ શા. વીરચંદ જીવાભાઈ.
૧—૩ શા. રામજી લાલાજી.
૧—૩ શા. છગન પાનાચંદ.
૧—૧ મેતા. જીવા માણેકચંદ.
૧—૩ શા. અમીચંદ ફુલચંદ.
૧—૩ ભણશાળી હીરાચંદ શેશકર
૨—[illegible] શા. મોહનલાલ લલુભાઈ.
૧—૩ શા. નગીનદાસ વણીચંદ
૧—૩ શા. ત્રીભોવન પીતાંબરદાસ
૫—૧૫ શા. મુળચંદ કશળચંદ.
[illegible]—૧૨ શા. અનોપચંદ લછમીચંદ
૨—૬ શા ઝવેરચંદ ડાયાભાઈ.
૦—૭ શા. હીમતલાલ મોહનલાલ
૧—૩ શા. સોભાગચંદ આતમચં
૧—૩ શેઠ. વરધમાન બેચર.
૪—૧૦ શા. સોભાચંદ હાથાભાઈ.
૨—૬ શા. ફુલચંદ ધરમચંદ.
૧—૩ શા. ગીરધર લાલચંદ.
૧—૪ શા લલુ દેવચંદ.
૧—૩ ગાંધી મોતીલાલ રણછોડદાસ
૧—૩ શા. રતનચંદ અમીચંદ.
૮—૫ મેતા. કુરાધના.
૧—૪ શા. પુનમચંદ રતનચંદ.
૧—૩ શા. મોતી જેચંદ.
૧—૩ શા. વીરચંદ રાજાજી.
૧—૩ શા. પ્રેમચંદ માનેગજી.
૧—૩ શા. પ્રાગજી જેતાજી.
૧—૩ શા ઈંદરજી લાલજી.
૦—૧૦ શા. ઈંદરજી રણછોડ.

For Private And Personal Use Only